પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૦૮ • કુલ પાના : ૪ • તારીખ : ૨૮-૦૪-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કેટલાક રાજ્યો પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ ઘટાડી રહ્યા નથી, તેનાથી જનતા પર બોજ વધ્યો : વડાપ્રધાન

નવીદિલ્હી,

નવી દિલ્હી: દેશમાં કોરોનાના વધતા જતા કેસોને લઈને પીએ મોદીએ આજે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી.આ દરમિયાન પીએમએ રસીકરણ અભિયાન અને સાવચેતી અંગે ચર્ચા કરી હતી. આ દરમિયાન દેશમાં પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતો વિશે પણ વાતચીત કરી. પીએમ મોદીએ કહ્યું- તમે જાણો છો કે ભારત સરકારને જે રેવન્યુ આવે છે તેમાંથી ૪૨ ટકા તો રાજ્યોની પાસે જતો રહે છે. આવી સ્થિતિમાં હું રાજ્યોને સહયોગ કરવા વિનંતી કરું છું. હું તમને બધાને વિનંતી કરું છું કે તમે તમારા રાજ્ય અને તમારા પડોશી રાજ્યોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપો. આજે તમિલનાડુમાં પેટ્રોલ ૧૧૧ રૂપિયા, જયપુરમાં ૧૧૮થી વધુ, હૈદરાબાદમાં ૧૧૯થી વધુ છે. મુંબઈમાં ૧૨૦ અને બાજુમાં દમણ



દીવમાં ૧૦૨ રૂપિયામાં મળી રહ્યું છે.

આજે ભારતની અર્થવ્યવસ્થાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન પહેલા કરતા વધુ મહત્વપૂર્ણ છે. યુદ્ધના વાતાવરણમાં દિવસેને દિવસે પડકારો આવ્યો છે. આવી કટોકટીના સમયમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન વધારવું વધુ અનિવાર્ય બની ગયું છે. જેમ કે પેટ્રોલ અને ડીઝલના ભાવનો વિષય બધાની સામે છે. દેશવાસીઓ પર તેમની વધતી કિંમતોનો બોજ ઘટાડવા માટે રાજ્યોને તેમના ટેક્સ ઘટાડવા માટે વિનંતી કરવામાં આવી હતી, જે પછી કેટલાક રાજ્યોએ ટેક્સમાં ઘટાડો કર્યો હતો, પરંતુ કેટલાક રાજ્યોએ તેના નાગરિકોને તેનો લાભ આપ્યો ન હતો, તેથી આ રાજ્યોએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો. અન્ય રાજ્યોની સરખામણીમાં વધુ છે. કોરોનાની ચોથા લહેરની આશંકા વચ્ચે વડાપ્રધાન મોદીની મુખ્યમંત્રીઓ સાથે આ પ્રથમ મુલાકાત છે. માનવામાં આવે છે કે મીટિંગ દરમિયાન દેશભરમાં કોરોનાના બૂસ્ટર ડોઝને ફ્રી બનાવવાનો પ્રસ્તાવ જાહેર કરવામાં આવી શકે છે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, હું તમામ કોરોના વોરિયર્સની પ્રશંસા કરું છું, જેવી રીતે તેમણે અત્યાર સુધી કામ કર્યું છે. અમુક રાજ્યોમાં કોરોના કેસ વધવા લાગ્યા છે, પરંતુ કોરોનાનો ખતરો હજુ સુધી ટળ્યો નથી. હજુ દેશમાં ગંભીર હાલત બની શકે છે. આપણે બધાએ યુરોપમાં જોઈ ચૂક્યા છે. છેલ્લા કેટલાંક દિવસોમાં ઘણા દેશોમાં કોરોના કેસ નોંધપાત્ર રીતે વધ્યા છે. પરંતુ આપણે સ્થિતિને નિયંત્રણમાં રાખી છે.

છેલ્લા બે અઠવાડિયામાં કોરોના કેસ વધવાના કારણે આપણે સમજી જવું જોઈએ કે આપણે એલર્ટ રહેવાની જરૂર છે. આપણી પાસે થોડાક મહિનાઓ પહેલા જે લહેર આવી, તેમાંથી આપણે કંઈક શીખ્યું. તમામ ઓમિક્રોનથી સફળતા પૂર્વક સામનો કર્યો. બે વર્ષની અંદર દેશના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચરને લઈને

### હું તમને બધાને વિનંતી કરું છું કે તમે તમારા રાજ્ય અને તમારા પડોશી રાજ્યોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

ઓક્સિજન સુધી કામ કર્યું.

ત્રીજી લહેરમાં સ્થિતિ વધુ ખરાબ થઈ ન હતી. જેનાથી રસીકરણમાં મદદ મળી. આ રસી દરેક રાજ્યમાં લોકો સુધી પહોંચી છે. દરેક ભારતીય માટે ગર્વની વાત છે કે આજે ૯૬ ટકા વસ્તીને પહેલો ડોઝ મળ્યો છે, ૧૫ વર્ષથી વધુ ઉંમરના ૮૫ ટકા લોકોને બીજો ડોઝ મળ્યો છે. તમે સમજો છો કે રસી એ સૌથી મોટી ઢાલ છે. દેશમાં લાંબા સમય બાદ શાળાઓ ખુલી છે, આવી સ્થિતિમાં કેસ વધવાથી ચિંતા વધી રહી છે. માર્ચમાં આપણે ૧૨ થી ૧૪ માટે, આવતીકાલે ૬ થી ૧૨ માટે ઝ્રદ્બટ્ઠિૈહ માટે પરવાનગી મળી છે.

અમારી પ્રાથમિકતા તમામ પાત્રતા ધરાવતા બાળકોને શક્ય તેટલી વહેલી તકે રસીકરણ કરવાની છે. પહેલાની જેમ હવે શાળાઓમાં વિશેષ ઝુંબેશ ચલાવવાની જરૂર પડશે. શિક્ષકો-માતાપિતા અને અન્ય પાત્ર લોકો પણ સાવચેતીનો ડોઝ લઈ શકે છે. આપણે તેમને જાગૃત કરતા રહેવાનું છે. ત્રીજા લહેર દરમિયાન અમે દરરોજ ત્રણ લાખથી વધુ કેસ જોયા. અમે તેણે સંભાળ્યો. આ સંતુલન અમારી આગળની વ્યૂહરચનાનો એક ભાગ હોવો જોઈએ. સંક્રમણને શરૂઆતથી જ અટકાવવો પડશે. ભૂતકાળમાં પણ આ અમારી પ્રાથમિકતા હતી અને હજુ પણ એવી જ છે.જે દર્દીઓ ગંભીર ઈન્ફલ્યુએન્ઝાના દર્દીઓ હોય હોસ્પિટલમાં દાખલ હોય તેમની પાસે ૧૦૦% આરટીપીસીઆર ટેસ્ટ હોવો જોઈએ. જો પોઝિટિવ હોય, તો તેનો નમૂનો જીનોમ સિક્વન્સિંગ માટે મોકલો. જાહેરમાં ગભરાટ ન ફેલાય તેનું પણ ધ્યાન રાખો. હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપડેટ કરવાનું કામ ઝડપથી આગળ વધવું જોઈએ. તે પણ નક્કી કરવું પડશે કે તમામ સુવિધાઓ કાર્યરત છે. જવાબદારીઓ નિશ્ચિત કરવી જોઈએ જેથી જ્યારે જરૂર પડે ત્યારે કોઈ સંકટ ન આવે. કેન્દ્ર અને રાજ્યોના સંયુક્ત પ્રયાસોથી જ દેશમાં આરોગ્ય ક્ષેત્રે ઘણો સુધારો થયો છે, પરંતુ મિત્રો, આજે આ ચર્ચામાં મારે વધુ એક પાસાની વાત કરવી છે.

## ગુજરાતમાં ૫ દિવસ હીટવેવની આગાહી, અમદાવાદ-વડોદરા ૪૪ ડિગ્રીને પાર થવાની સંભાવના

અમદાવાદ,

સમગ્ર રાજ્યમાં અત્યંત ભીષણ ગરમી પડી રહી છે અને આગામી પાંચ દિવસ સુધી હીટવેવ ચાલુ રહેવાની આગાહી છે એ દરમિયાન અમદાવાદ, રાજકોટ, વડોદરામાં આગામી ૨૯ અને ૩૦ એપ્રિલના રોજ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર થવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. વળી, સુરતમાં ૨૭ અને ૨૮ એપ્રિલના રોજ હીટવેવ સાથે તાપમાન ૪૧ ડિગ્રીને પાર જઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ સુરત, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, કચ્છ, દીવમાં ૨૭ અને ૨૮ એપ્રિલના રોજ હીટવેવની આગાહી છે જ્યારે ગરમ પવનો ૨૯ એપ્રિલથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ફૂંકાશે જેના



પગલે ૨૯ અને ૩૦ એપ્રિલના રોજ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, વડોદરા અને સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

રાજ્યના મુખ્ય શહેરોમાં એપ્રલ મહિનામાં સવાસો વર્ષનુ સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યુ હતુ. વર્ષ ૨૦૨૦માં અમદાવાદમાં ૩૦ એપ્રિલના રોજ ૪૩.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગની આગાહી પ્રમાણે જો તાપમાન ૪૪ ડિગ્રીને પાર જાય તો દસ વર્ષનો રેકોર્ડ તૂટશે.

રાજકોટમાં સર્વાધિક તાપમાન પાંચ વર્ષ પહેલા ૧૪ એપ્રિલ, ૨૦૧૭ના રોજ ૪૪.૮ ડિગ્રી સેલ્સિયલ નોંધાયુ હતુ. ભૂજમાં પણ આ જ દિવસે સૌથી વધુ તાપમાન ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. સુરતમાં દરિયાઈ પવનોના કારણે સરેરાશ તાપમાન ઓછુ હોય છે તેમછતાં ત્યાં ૪૫.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો સદીનો અને ૨૯ એપ્રિલ, ૨૦૧૯ના ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો દસકનો રેકોર્ડ છે. કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૪ ડિગ્રી નજીક પહોંચી ગયો છે.

સુરેન્દ્રનગર ૪૩.૩, ભૂજ ૪૩.૨, જૂનાગઢ અને અમરેલીમાં ૪૨.૫, અમદાવાદ ૪૨.૪, રાજકોટ ૪૨.૩, ગાંધીનગર ૪૨ સહિત ૮ સ્થળોએ પારો ૪૨ ડિગ્રી સેલ્સિયસના પાર થયો હતો. તાપમાનમાં હજુ ૨થી ૩ ડિગ્રી વધારાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જામનગરમાં ૪૦ કિમીની ઝડપે દરિયાઈ પવનો ફૂંકાતા મહત્તમ ૩૭.૫ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. વળી, દ્વારકા, ઓખા, પોરબંદર, વેરાવળ, મહુવા સહિત દરિયાકાંઠા નજીકના સ્થળોએ પણ લૂ ઓછી રહી હતી.

## દેશમાં વીજ કટોકટીની સ્થિતિ, ૮૫ પાવર પ્લાન્ટમાં કોલસો ખતમ થવાના આરે!

નવીદિલ્હી,

ઉનાળામાં ગરમીનો પારો ઉંચકાતા દેશમાં વીજ સંકટ ઘેરી બની રહ્યું છે. દેશમાં વીજળીની માંગ રેકોર્ડ સ્તરને પાર કરી ગઈ છે. હાલત એ છે કે ૮૫ પાવર પ્લાન્ટમાં કોલસો ખતમ થઈ રહ્યો છે. કાળઝાળ ગરમી વચ્ચે હવે દેશમાં વીજ સંકટની ભીતિ વર્તાવા લાગી છે. દેશમાં વીજળીની માંગ એટલી વધી ગઈ છે કે મંગળવારે વીજળીની માંગનો નવો રેકોર્ડ સર્જાયો હતો. મંગળવારે એક દિવસમાં વીજળીની સૌથી વધુ માંગ ૨૦૧.૦૬૬ GW નોંધાઈ હતી.

દેશમાં વીજળીની માંગ એવી છે કે વીજળીની માંગનો નવો રેકોર્ડ સર્જાયો છે. અને તેણે ગત વર્ષનો રેકોર્ડ



તોડ્યો. ગયા વર્ષે ૨૦૦.૫૩૯ ગીગાવોટની માંગ નોંધાઈ હતી જ્યારે આ વર્ષે ૨૦૧.૦૬૬ ગીગાવોટની માંગ નોંધાઈ છે. હજુ એપ્રિલ મહિનો પૂરો થયો નથી ત્યારે આ સ્થિતિ છે. મે અને જૂનમાં આ માંગ વધીને ૨૧૫-૨૨૦ જીડબ્લ્યુ થઈ શકે છે.

દેશભરના ૮૫ પાવર પ્લાન્ટમાં કોલસાની કટોકટી સર્જાઈ છે. જે આવનારા સમયમાં પાવર કટના રૂપમાં જોવા મળી શકે છે. પાવર પ્લાન્ટની ફરિયાદ છે કે રેલ રેકની અછતને કારણે કોલસો મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે. આ બાબતે રેલવે પ્રવક્તા ગૌરવ બંસલનું કહેવું છે કે પહેલા ૩૦૦ રેક આપવામાં આવતા હતા, પછી કોલસા મંત્રાલયના કહેવા પર ૪૦૫ રેક આપવામાં આવ્યા હતા. હવે અમે ૪૧૫ રેક આપી રહ્યા છીએ જેના પર કોલસા મંત્રાલય સંમત છે. જો કોલસાના રેકને પાંચ દિવસ સુધી ડિટેઈન કરવામાં નહીં આવે અને ત્રણ દિવસ માટે રોકવામાં આવે તો અમે રેકને વધુ વધારી શકીએ છીએ.દેશભરના થર્મલ પાવર પ્લાન્ટમાં કોલસાનો સ્ટોક ફરી એકવાર ચર્ચામાં છે. કોલસાના અપૂરતા પરિવહનને કારણે આવું થયું હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

એવું કહેવાય છે કે યુપી પાસે માત્ર સાત દિવસનો સ્ટોક બચ્યો છે. હરિયાણામાં આઠ, રાજસ્થાન પાસે માત્ર ૧૭ દિવસનો કોલસો સ્ટોકમાં છે. આંધ્રપ્રદેશ, તમિલનાડુ, તેલંગાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઝારખંડ અને છત્તીસગઢમાં પણ આ જ સ્થિતિ છે. રેલ્વે પાસે રેકના અભાવે પણ સંકટમાં વધારો કર્યો છે. રેલવે પાસે હાલમાં માત્ર ૪૧૨ રેક છે, જેના કારણે કોલસાની અવરજવર ઝડપી નથી થઈ રહી. યુપીના ઉર્જા મંત્રી એકે શર્માએ અધિકારીઓ સાથે બેઠક કરીને પાવર કટોકટી પર મંથન કર્યુ છે.

જો આપણે દેશના મોટા થર્મલ પાવર પ્લાન્ટ્સની વાત કરીએ તો, સમગ્ર દેશમાં એકંદરે ૮૫ થર્મલ પાવર પ્લાન્ટ્સ કોલસો ખતમ થવાના આરે છે, જેમાંથી રાજસ્થાનમાં ૭માંથી ૬, પશ્ચિમ બંગાળમાંથી ૬, પશ્ચિમ બંગાળમાંથી ૩. ઉત્તર પ્રદેશમાં ૪, મધ્ય પ્રદેશમાં ૪માંથી ૩ પ્લાન્ટ, મહારાષ્ટ્રમાં ૭માંથી ૭ અને આંધ્ર પ્રદેશના તમામ ૩ પ્લાન્ટમાં કોલસાનો સ્ટોક ગંભીર સ્થિતિમાં પહોંચી ગયો છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨-૪ મે દરમિયાન જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સની મુલાકાત લેશે

નવીદિલ્હી,

દુનિયાભરમાં પોતાની વિદેશનીતિ માટે ખુબ જ જાણીતા છે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી. મોદીની કૂટનીતિઓના તો તેમના દુશ્મનો પણ કાયલ છે. હાલમાં પાડોશી દેશ પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ મચી ગઈ, ઈમરાન ખાન પાસેથી પ્રધાનમંત્રીની ખુરશી છીનવાઈ ગઈ. એ સમયે ઈમરાન ખાને પણ મોદીને યાદ કરીને કહ્યું હતુંકે, હાલ ભારતની સ્થિતિ ખુબ મજબુત છે. ભારત હાલ વૈશ્વિક સ્તરે પોતાની વિદેશનીતિને કારણે ખુબ સન્માન ધરાવે છે. ત્યારે એજ વિદેશનીતિને રાષ્ટ્રહિતમાં આગળ ધપાવવા પીએમ મોદી આ વર્ષના પહેલાં વિદેશ પ્રવાસની તૈયારીઓ કરી રહ્યાં છે. પીએમ મોદી આ વર્ષે સૌથી પહેલાં કયા દેશની મુલાકાતે જશે તે સવાલ તમારા મનમાં જરૂર આવ્યો હશે. તો જવાબ



જાણવા માટે તમારે આ આર્ટિકલ વાંચવો પડશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨-૪ મે દરમિયાન જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સની મુલાકાત લેશે. આ પ્રધાનમંત્રી મોદીની આ વર્ષની પહેલી વિદેશ યાત્રા હશે. બર્લિનમાં વડાપ્રધાન મોદી જર્મનીના ફેડરલ ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.

ત્યારબાદ મોદી ડેનમાર્કના પીએમ મેટ્ટે ફ્રેડરિકસનના આમંત્રણ પર કોપનહેગન જશે. તેઓ ડેનમાર્ક આયોજિત બીજી ભારત-નોર્ડિક સમિટમાં પણ ભાગ લેશે. ૪ મેના રોજ પરત ફરતી વખતે પીએમ પેરિસમાં થોડા સમય માટે રોકાશે અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મળશે. ભારત-ફ્રાંસની મિત્રતાની ૭૫મી વર્ષ ગાંઠની ઉજવણી પણ કરવામાં આવશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન બીજીવાર સત્તા પર આવ્યાં છે. પીએમ મોદી તેમને મળીને શુભેચ્છા પાઠવશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે થાઈલેન્ડના ભારત સ્થિત રાજદૂતની બેઠક યોજાઈ

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે થાઈલેન્ડના ભારત સ્થિત રાજદૂત સુશ્રી પટ્ટારાટ હોંગટોંગ અને પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત બેઠક યોજી હતી. આ બેઠકની વાતચીતમાં તેમણે ગુજરાતના જામનગરમાં ડબ્લ્યુએચ અને આયુષ મંત્રાલય દ્વારા નિર્માણ થનારા ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડીશનલ મેડીસીન વ્રુસ્માં સહભાગીતા અને આયુષ-આયુર્વેદ પદ્ધતિના આદાન-પ્રદાન માટે થાઈલેન્ડની તત્પરતા દર્શાવી હતી.

થાઈલેન્ડ રાજદૂતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ સંદર્ભમાં જણાવ્યું કે, થાઈલેન્ડમાં પણ આયુષ



પદ્ધતિ અને આયુર્વેદ ઉપચાર માટેની એક હોસ્પિટલ ચાલે છે. એટલું જ નહિ, થાઈલેન્ડમાં આયુર્વેદ પ્રોડક્ટ કંપનીઓ પણ કાર્યરત છે ત્યારે ગુજરાતના આ વર્લ્ડ કલાસ સેન્ટરનો વ્યાપક લાભ થાઈલેન્ડ પણ લેવા ઉત્સુક છે.

તેમણે ખાસ કરીને ફાર્માસ્યુટિકલ સેક્ટર, રિન્યુએબલ એનર્જી, ટુરિઝમ અને ઈ-વ્હીકલ જેવા ક્ષેત્રોમાં ગુજરાત સાથે સહભાગીતાની સંભાવનાઓ અંગે આ બેઠકમાં પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે થાઈલેન્ડ એ મોટું ટુરિસ્ટ ડેસ્ટિનેશન છે અને ગુજરાત પણ સ્ટેચ્યુ ઓફ યુનિટિ જેવા વિશ્વ પ્રવાસન કેન્દ્ર સહિત અનેક પ્રવાસન વૈવિધ્ય ધરાવતું રાજ્ય છે તેની ભૂમિકા આપી ગુજરાત-થાઈલેન્ડ વચ્ચે ટુરિઝમ સેક્ટરને પ્રમોટ કરવા અંગે પણ ચર્ચાઓ કરી હતી.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાતમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, એનર્જી યુનિવર્સિટી, જીસીટીએમ જેવા અદ્યતન સંસ્થાનોમાં પણ થાઈલેન્ડના યુવાઓ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અન્વયે અભ્યાસ-સંશોધન માટે આવી શકે તેમ છે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોતાની બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર, કનેક્ટીવીટી વગેરેની ઈકો સિસ્ટમથી વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યુ છે તેની પણ વિસ્તૃત વિગતો આપી હતી. આ ઈકો સિસ્ટમનો લાભ લઈ થાઈલેન્ડની વિવિધ કંપનીઓ, ઉદ્યોગો ગુજરાતમાં ખાસ કરીને ધોલેરા એસઆઈઆરમાં રોકાણો માટે આવે તેવી અપેક્ષા પણ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવી હતી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી વડાતલાવ આ.સે.સ.મં.લી.

ઢીંકવા-૧, મુ. ઢીંકવા, તા.હાલોલ, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી વડાતલાવ આ.સે.સ.મં.લી.

ઢીંકવા-૨, મુ. ઢીંકવા, તા.હાલોલ, જી. પંચમહાલ

## મ્યાનમારના નેતા આંગ સાન સુ કીને ૫ વર્ષની સજા થઈ

નવીદિલ્હી,

મ્યાનમારની કોર્ટે પદભ્રષ્ટ કરવામાં આવેલા નેતા આંગ સાન સુ કીને ભ્રષ્ટાચારને લગતા કેસમાં દોષી ઠેરવ્યા હતા.જેમા ભ્રષ્ટાચાર મામલે દોષી ઠેરવાયા બાદ લોકશાહીના સમર્થક નેતાને ૫ વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી છે.

નોબેલ પુરસ્કાર વિજેતા આંગ સાન સુ કીને ૬,૦૦,૦૦૦ ડોલર કેશ અને સોનાની લાંચ લેવા મામલે દોષી ઠેરવવામાં આવ્યા છે.સૈન્યશાસિત મ્યાનમારના અધિકારીઓએ અપદસ્થ નેતા આંગ સાન સુ કી વિરૂદ્ધ હેલિકોપ્ટર ખરીદી મામલે ભ્રષ્ટાચારના નવા આરોપ પણ દાખલ કર્યા હતા.જો આ તમામ આરોપોમાં આંગ સાન સુ કીને દોષી ઠેરવવામાં આવશે તો તેમાં તેમને



૧૦૦ વર્ષ કરતાં પણ વધારેની જેલ થઈ શકે છે.આમ ગત ૧ ફેબ્રુઆરીના રોજ થયેલા તખ્તાપલટ બાદથી જ મ્યાનમારમાં ઉથલ-પાથલનો દોર ચાલુ છે.મ્યાનમારની સેનાએ વરિષ્ઠ જનરલ મિંગ આંગ હલિંગના નેતૃત્વમાં સરકારને હટાવીને એક વર્ષ માટે ઈમરજન્સીની જાહેરાત કરી છે.આ દરમિયાન મ્યાનમારે અનેક હિંસક ઘટનાઓનો પણ સામનો કરવો પડ્યો.

## ટાટા ગ્રૂપ એર ઈન્ડિયા અને એર એશિયા ઈન્ડિયાનું મર્જર કરશે

નવીદિલ્હી,

ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયાએ બજેટ એરલાઈન કંપની એર એશિયા ઈન્ડિયાનું મર્જર કરવા અંગે પ્રતિસ્પર્ધા પંચ સીસીઆઈની મંજૂરી માંગી છે.જેમા આ મર્જર બાદ એર એશિયા ઈન્ડિયા ટાટા સમૂહની પૂર્ણ માલિકી ધરાવતી કંપની બની જશે.વર્તમાનમા એર એશિયા ઈન્ડિયાનો ૮૩.૬૭ ટકા હિસ્સો ટાટા સન્સ પ્રાઈવેટ લિમિટેડ પાસે છે જ્યારે બાકીનો હિસ્સો એર એશિયા ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડની પાસે છે.જે મલેશિયાના એર એશિયા સમૂહનો ભાગ છે.

એર ઈન્ડિયા અને તેની સહાયક કંપની એર ઈન્ડિયા એક્સપ્રેસે



પાછલા વર્ષે ટાટા સન્સ પ્રાઈવેટ લમિટેડની પૂર્ણ માલિકીની સબસિડીયરી ટેલેસ પ્રાઈવેટ લિમિટેડને ટેકઓવર કરી હતી.આ ઉપરાંત ટાટા ગ્રૂપ સિંગાપોર એરલાઈન્સની સાથે સંયુક્ત સાહસમાં પૂર્ણ એરલાઈન્સ સર્વિસ કંપની વિસ્તારાનું પણ સંચાલન કરે છે.ટાટા સમહૂ હવે પોતાના એરલાઈન્સ બિઝનેસને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી અભિયાન અંતર્ગત બેઠક યોજાઇ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં કિસાન ક્રેડિટ કાર્ડ આપવા અંગે કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી અભિયાન અંતર્ગત કલેકટર ડો.મનીષકુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદનના કોન્ફરન્સ હોલ ખાતે બેંક ઓફ બરોડા–લીડ બેંકના મેનેજર મિનેષ પટેલ, નાબાર્ડ જિલ્લા વિકાસ પ્રબંધક રાજેશ ભોસલે અને બેંક અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ. આ અભિયાન અંતર્ગત કિસાન ક્રેડિટ કાર્ડ આપવા માટે ૧લી મે સુધી ડ્રાઇવ ચાલી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લામા કિસાન ક્રેડિટ કાર્ડવિશે ખેડૂતોમાં જાગૃતિ લાવવા અને કિસાન ક્રેડિટ કાર્ડહેઠળ ખેડૂતોના મહત્તમ કવરેજની ખાતરી કરવા અંગે બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી.

મહીસાગર જિલ્લા કલેકટરએ બેઠકમાં જણાવ્યું કે,પી.એમકિસાન હેઠળ અત્યાર સુધીમાં ૧.૮૭ લાખ થી વધુ ખેડૂતોએ લાભ લીધો છે, જેમાંથી માત્ર ૩૯૩૧૯ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડહેઠળ આવરી લેવામાં આવ્યા છે, જેના કારણે કિસાન ક્રેડિટ કાર્ડકવરેજમાં મોટો તફાવત છે. પી.એમ.કિસાનયોજનાના જે લાભાર્થીઓએ લોન માટે કિસાન ક્રેડિટ યોજનાનો લાભ લીધો ના હોય તેવા તમામ ખેડુતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવનાર છે. તો જિલ્લાના ખેડૂતોને લાભ લેવા અપીલ કરી હતી.

કિસાન ક્રેડિટ કાર્ડની આ લોનનો લાભ ખાતાદીઠ મળશે.આ યોજનાનો લાભ મત્સ્યઉદ્યોગ અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા લોકોને પણ મળવાપાત્ર છે. કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ લેવા માટે ૭/૧૨ ની નકલ અને પાકની વિગત બેન્ક દ્વારા સરળતાથી અને સત્વરે આપવામા આવશે.

પી.એમ.કિસાનયોજનાના જે લાભાર્થીઓ કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ લઈ રહ્યા છે. તેઓ વધારાની લોન લેવા માટે તેમની બેન્કની શાખાનો સંપર્ક કરી શકે છે. પી.એમ.કિસાનયોજનાના લાભાર્થીઓની સાંખ્યા વધારે છે પરંતુ જાણકારીના આભાવે કિસાન ક્રેડિટ કાર્ડ લોનના લાભાર્થીઓની સાંખ્યા ઓછી છે. જેથી બાકી રહેલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું છે કે, પી.એમ.કિસાનયોજનાના લાભાર્થીઓને આ યોજનાનું ફોર્મ ભરવા માટે નજીકના સી.એસ.સી. સેન્ટર/બેન્ક સખી/બેન્ક શાખાનો સંપર્ક કરવાનો રહેશે. સામાજિક સુરક્ષા PMSBY/PMJJBY/APY/PMJDY અંતર્ગત તમામ યોગ્ય લાભાર્થીઓને આવરી લેવાશે.

### બિયારણ રજીસ્ટ્રેશન પ્રથામાં કરેલ સુધારા અંગે

# ખેડૂતને બિયારણ વાવ્યા બાદ ઊભા પાક સંબધી કોઈ ફરિયાદ હોય તો ફરિયાદ નિવારણ માટે સમિતિની રચના કરવામાં આવી

લુણાવાડા, મહીસાગર જિલ્લા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ની અખબારી યાદીમાં જણાવ્યા અનુસારરાજ્ય સરકાર દ્વારા જુની રજીસ્ટ્રેશન પ્રથાના સ્થાને ઝડપી, સરળ અને પારદર્શકતા આવે તે હેતુસર ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા વિકસાવમાં આવી રહેલ છે. જેમાં કંપની પાસેથી પાકની જાતના ગુણધર્મ, તેના ઉત્પાદન સંબધી આંકડાકીય વિગતો, રોગ જીવાત સંબધી વિગતો તેમજ કંપની પાસેની સંશોધન અંગેની સુવિધાઓ સંબધી વિગતો મેળવામાં આવનાર છે. આ પદ્ધતિથી નવીન જાતોની નોધાણી ઝડપી બનશે અને નવી જાતો ઝડપથી ખેડૂતોને ઉપલબ્ધ થશે.

મહીસાગર જિલ્લાના કોઈ ખેડૂતને બિયારણ વાવ્યા બાદ ઊભા પાક સંબધી કોઈ ફરિયાદ હોય તો તેના માટે પણ રાજ્ય સરકાર દ્વારા ફરિયાદ નિવારણ માટે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ/કૃષિ વૈજ્ઞાનિકોની સમિતિઓની પણ રચના કરવામાં આવેલી છે.

રાજ્યમાં વેચાતી બીટી કપાસની સશોધિત જાતોના ગુણવતા નિયંત્રણ તંત્ર દ્વારા નમૂના લેવામાં આવે છે અને તેની ચકાસણી ગાંધીનગર ખાતેની બીજ ચકાસણી પ્રયોગશાળામાં આપવામાં આવે છે, આ ઉપરાંત બીટી બિયારણ વેચતી કંપનીઓ દ્વારા પોતાની જાતનો નમૂના નિયત ફી ભરી ચકાસવા ગાંધીનગર ખાતેની બીજ ચકાસણી પ્રયોગશાળામાં આપવામાં આવે છે, તેથી બીટી કપાસની ચકાસણી થતી નથી તે વાત તદન વાહિયાત અને ઉપજાવી કાઢેલ છે.

રાજ્યના ખેડૂતોને ગુણવતા યુકત બિયારણ ઉપલબ્ધ કરાવવા માટે વાર્ષિક સરેરાશ ૬ હજારથી વધુ બિયારણના નમૂના તેમજ જનીનીક શુદ્ધતા ચકાસવા માટે પણ બિયારણના નમૂના લેવામાં આવે છે. ચકાસણી બિન પ્રમાણિત થનાર જાતો સામે બિયારણ અધિનિયમ ૧૯૬૬ અને બિયારણ કંટ્રોલ ઓર્ડર ૧૯૮૩ હેઠળ કાયદેસરના પગલાં પણ લેવામાં આવે છે.

# લુણાવાડાના ચાવડીબાઈના મુવાડા ખાતે યુવાનો દ્વારા ડે નાઈટ ક્રિકેટ ટુનામેન્ટનું આયોજન કરવામાં આવ્યું

લુણાવાડા, ચાવડીબાઈના મુવાડા ગામના યુવાનો દ્વારા ડે નાઈટ ટુર્નામિન્ટનુ આયોજન કરવામાં આવતાં આજુબાજુના ગામડાઓમાં ખુશી વ્યાપી છે. છેલ્લાં ત્રણ વર્ષથી કોરોના સમય થી બંધ ક્રિકેટ ટુનામેન્ટ ચાલું કરતા આજુબાજુના ક્રિકેટ પ્રેમીઓ દ્વારા પોતાની ટીમો ઉતારી છે. જેમાં ૩૨ જેટલી ટીમો નોંધતા ક્રિકેટ રશિકોમા ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે ૩૦ દીવસ સુધી ચાલનારી ટુનામેંટ થી લોકો મા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલ ‘‘રમશે ગુજરાત જીતશે ગુજરાત’’ અને ફિટ ઈન્ડિયાના મંત્રને સાર્થક કરવા અપીલ કરી હતી. કોરોના મહામારી બાદ બે વર્ષ પછી આયોજીત આગામી ૩૦ દિવસ સુધી ચાલનારી આ ક્રિકેટ ટુર્નામિન્ટના પ્રેરક ગામના યુવા વર્ગ દ્વારા સુંદર આયોજન કરવામાં આવી રહ્યુ છે.

# હાલોલ કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસમાં ત્રણ વર્ષની સજા ફટકારી

હાલોલ, હાલોલ બાસ્કા સ્થિત નર્સરી ચલાવતા જગદીશભાઈ સુકાભાઈ સલાટએ સાલ જાન્યુ/૨૦૧૬માં ગણેશ એન્ટરપ્રાઈઝના માલિક પેથાભાઈ કે.રબારી(રહે.ટુંડા, તા.વાઢ, જિ.કચ્છ –ભુજ)ને દાડમના રોપા વેચાણે આપ્યા હતા. જેના બાકી નીકળતા ૪.૨૬ લાખ અને ૧૩ લાખ પેટે જગદીશભાઈને ચેક આપ્યા હતા. ચેકના નાણાં ન મળતા જગદિશાઈએ ન્યાય મેળવવા પેથાભાઈ રબારી સામે હાલોલ એડી.ચીફ જ્યુડિ.કોર્ટમાં દાવો કર્યો હતો. જે બંને કેસ ચાલી જતા ન્યાયધિશ પ્રેમ હંસરાજસિંહે આરોપી પેથાભાઈ રબારીને બંને કેસમાં દોઢ–દોઢ વર્ષની સખ્ત કેદની સજા સાથે પહેલા કેસની રકમ ૪.૨૬ લાખના બમા કરતા ઓછા એટલે કે ૭ લાખ અને બીજા કેસની રકમ ૧૩ લાખથી બમણા કરતા ઓછી એટલે ૨૩ લાખ વળતર તરીકે આપવાનો હુકમ કરાયો છે.

બનાવની વિગતો મુજબ હાલોલ બાસ્કા સ્થિત નર્સરી ચલાવતા જગદિશભાઈ સલાટે સાલ ૨૦૧૬માં કચ્છ–ભુજના પેથાભાઈ રબારીને દાડમના રોપા આપ્યા હતા. જેની બાકી નીકળતી રકમ પેટે જગદિશભાઈને ચેકો આપ્યા હતા. જેમાં ૪.૨૬ લાખ અને ૧૩ લાખના ચેક આપ્યા હતા. જગદીશભાઈએ તારીખ મુજબ ચેક જમા કરાવ્યા હતા. બેલેન્સ ન હોવાથી ચેકો પરત ફર્યા હતા. ત્યારબાદ પણ બાકી નીકળતા નાણાં ન આપતા જગદીશભાઈએ વકીલ મનોજ દ્વારા પેથાભાઈ રબારી વિરુદ્ધ હાલોલ એડી.ચીફ.જ્યુડિ.કોર્ટમાં ૧૩૮ મુજબાની બે ફરિયાદો દાખલ કરી હતી. જેમાં ધારદાર દલીલ કરી હતી. જે બંને કેસો ચાલી જતા ન્યાયધિશ પ્રેમ હંસરાજ સિંહે પેથાભાઈ રબારીને કસુરવાર ઠેરવી દોઢ વર્ષ કેદની સજા અને બીજા ચેકની રકમ ૪.૨૬ લાખના બમણા કરતા ઓછા ૭ લાખ અને કેસ નં ૧૭૦૭/૧૭માં ૧૩ લાખના બમણા કરતા ઓછા ૨૩ લાખ વળતર પેટે જગદિશભાઈને ચુકવવાનો હુકમ કરાયો છે.

# માનસિક અસક્ષમ, ઓટીઝમ તથા સેરેબ્રલ પાલ્સીના દિવ્યાંગ વ્યકિતઓની યોજના માટે રાજય સરકારનો મોટો નિર્ણય

રાજય સરકાર ના સમાજ સુરક્ષા ખાતા દ્વારા માનસિક રીતે અસક્ષમ, ઓટીઝમ તથા સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો) વ્યકિતઓને મનોદિવ્યાંગ પેન્શન યોજના હેઠળ દર માસે રૂ. ૧૦૦૦/– આર્થિક સહાય ચુકવવાની યોજના અમલમાં છે. આ યોજનામાં અગાઉ ફકત ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા હોય તેમને જ સહાય આપવામાં આવતી હતી પરંતુ રાજય સરકારના નવા પરિપત્ર મુજબ હવેથી ત્રણેય કેટેગરીમાં ૫૦ ટકા કે તેથી વધુ મંદબુદિ્ધ તથા ઓટીઝમ અને સેરેબ્રલ પાલ્સીની વિકલાંગતા ધરાવતા વ્યકિતઓને પણ આ સહાય આપવામાં આવશે. આ યોજના માટે બીપીએલ ના દાખલાની જરૂર નથી તથા આ યોજનામાં આવક મર્યાદાનો પણ કોઈ બાધ નથી તથા આ સહાયની રકમ ડીબીટી મારફત સીધા લાભાર્થીના બેંક એકાઉન્ટમાં દર માસે ચુકવવામાં આવશે. બાળકો અને સ્ત્રી, પુરૂષો તમામને આ યોજનાનો લાભ મળી શકશે. આ યોજનાનો લાભ લેવા માટે વિકલાંગતાનું સર્ટીફિકેટ, સમાજ સુરક્ષા ખાતાનું ઓળખપત્ર, આધારકાર્ડ, બેન્ક એકાઉન્ટ માહિતી તથા એક ફોટો સાથે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,જીલ્લા સેવા સદન, કલેકટર કચેરી ગોધરા ખાતે જરૂરી ડોકયુમેન્ટ સાથે અરજી કરવાની રહેશે. તેમ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારોના ડેમમાં નર્મદાનાં નીર પૂરા પડાશે : પ્રવક્તા મંત્રી

ગાંધીનગર, રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, પ્રવર્તમાન ઉનાળાની સિઝનમાં નાગરિકોને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તેમજ મૂંગા અબોલ પશુઓને પણ ઘાસચારો તેમજ પાણી ઉપલબ્ધ બનાવવા માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. આજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નાગરિકોની સુખાકારી માટે લીધેલા મહત્વના નિર્ણયોની મીડિયાને વિગતો આપતા મંત્રીશ્રી વાઘાણીએ કહ્યું કે, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર માટે ૨૦૭૫ એમએલડી નર્મદાના પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. બ્રાહ્મણી-૨ જળાશયમાં પાણીનું લેવલ ઘટતા, તેમાંથી પાણીનો ઉપાડ ૧૮૦ એમએલડીથી ઘટીને ૧૦થી ૧૫ એમએલડી થયેલ છે જેના માટે રાજ્ય સરકારે બ્રાહ્મણી-૨ જળાશયને નર્મદાના પાણીથી ભરવાનો નિર્ણય કર્યો છે. આ માટે તા. ૨૫ એપ્રિલ-૨૦૨૨થી ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલમાં નર્મદાનું પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના થકી બ્રાહ્મી-૨ જળાશય ભરવામાં આવશે. એ જ રીતે કચ્છ જીલ્લા માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત એવા ટપ્પર જળાશયમાં પણ જરૂરિયાત જણાયે આગામી સમયમાં કચ્છ શાખા નહેર દ્વારા નર્મદાના પાણીથી ભરવાનું આયોજન છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જીલ્લામાં આવેલ દાંતીવાડા જળાશયને પણ નર્મદા મુખ્ય નહેર ઉપરના ચાંગા પામ્પિંગ સ્ટેશનથી ભરવા માટેનું આોજન છે. સીપુ જળાશય આધારિત ગામોને દાંતીવાડા જળાશય આધારિત યોજના સાથે જોડી દેવામાં આવેલ છે. આમ, દાંતીવાડા જળાશય ભરાતા સીપુ જળાશય આધારિત ગામોમાં પૂરતું પાણી મળી રહેશે.

પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે રાજ્યમાં જળસંગ્રહ થાય એ માટે પ્રતિ વર્ષ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો અને જળાશયો ઊંડા કરવા સહિત કેનાલ સફાઈના કામો હાથ ધરાઈ રહ્યા છે. આ વર્ષે પણ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ૧૮,૭૦૦ જેટલા કામો હાથ ધરાયા છે તે તમામ કામો આગામી તા.૩૧ મે સુધી પૂર્ણ કરવા સૂચના આપી દેવાઈ છે.

# લુણાવાડા નમકીનની દુકાનમાં આગ લાગતા સામાન બળીને ખાખ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા નગરના બારોટવાડા પાસે આવેલી નમકીનની દુકાનમાં અચાનક આગ લાગતા તમામ સામાન સળગીને ખાખ થઈ ગયો હતો. દુકાનના માલિકનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર લુણાવાડા નગરના બારોટવાડા પાસે આવેલી મેવાડ નમકીન દુકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી થોડીવારમાં ફરસાણની દુકાનને આગે પકડી લેતા આગના ધુમાડાને કારણે દુકાનની ઉપરના રૂમમાં સુતેલા માલિક વિક્રમ જૈન જાગી ગયા હતા. તેઓએ ઉપરના માળેથી કુદકો મારી પોતાની જાન બચાવી લીધી હતી. બીજી તરફ આગની જાણ થતાં લુણાવાડાના ફાયર ફાયટર ઘટના સ્થળે પહોંચીને આગને કાબુમાં લીધી હતી.

## આપની આજ.......

મેષ : આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે. જો તમે સરકારી નોકરી કરો છો તો કામ વધારે કરવું પડી શકે છે.

વૃષભ : આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે. આજનો દિવસ સંતાન સાથે સંકળાયેલી સમસ્યાઓના નિરાકરણમાં પસાર થશે.

મિથુન : આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો. આજે તમને મિત્રોનો સાથ મળશે અને એનાથી મનનો ભાર હળવો થશે. સાથે જ દાંપત્ય જીવનમાં પણ સુધારો આવશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. કોઈ પણ વિરોધીની નિંદા તરફ ધ્યાન ન આપીને તમારૂ કામ કરતા રહો. આગળ જતા સફળતા મળશે. તમે તમારા સામાજિક ક્ષેત્રે તાલ મેલ વધારવામાં સફળ રહેશો.

સિંહ : આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે. નવા સંબંધો બનવાથી તમારૂ નસીબ ચમકી શકે છે અને સમાજમાં સન્માન મળશે. મિત્રો સાથે લાંબી યાત્રા પર જવાનું થઈ શકે છે. દાંપત્ય સંબંધોમાં સુમેળ રહેશે.

કન્યા : આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યોથી ખુશીઓ આવશે. આજે કોઈ પ્રકારના રચનાત્મક કાર્યોમાં મન લાગેલું રહેશે.

તુલા : ગણેશજી કહે છે, આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછી પાની નહી કરે. જો તમે વેપાર કરો છો તો આજે ગ્રાહકોની ભારે ભીડથી તમારી દુકાન ભરેલી રહેશે. વાહન, જમીન ખરીદી, સ્થળ પરિવર્તનનો સુખદ સંયોગ પણ બની શકે છે.

વૃશ્ચિક : આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે અને જીવનસાથીની તરફથી મોરલ સપોર્ટ મળશે. તમારા પરાક્રમમાં વધારો થશે અને દુશ્મનોનું મનોબળ તૂટશે.

ધન : આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે. ઉચ્ચ અધિકારીઓ સાથે સારો સંબંધ બંધાશે. આજે કોઈ પણ પ્રકારના નિરાશાજન વિચારોથી બચીને રહેજો. સાંજના સમયે સંતાન તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં પણ શુભ તક મળી શકે છે. બિનજરૂરી ચિંતાઓથી મન અશાંત રહી શકે છે.

કુંભ : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે. તો ઘર અને પરિવારમાં આજે કેટલીક એવી મુશ્કેલીઓ આવી શકે છે કે જેનાથી તમારી માનસિક સ્થિતિ બગડી શકે છે.

મીન : ગણેશજી કહે છે, આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે. જેનાથી તમારો વિશ્વાસ ધર્મ અને આધ્યાત્મિકતામાં વધશે. રોજિંદા કામકાજમાં બેદરકારી ના રાખશો, નહીં તો લેવાના દેવા પડી શકે છે.

# ૩ હજાર જેટલા અધ્યાપકોને સાતમા પગાર પંચનો લાભ મળશે : શિક્ષણમંત્રી જીતુ વાઘાણી

ગાંધીનગર, આજે શિક્ષણમંત્રી દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી હતી. જેના લીધે અધ્યાપકોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી. છેલ્લા કેટલાક સમયથી અધ્યાપકોના પડતર પ્રશ્નોનું નિરાકરણ આવી છે. તારીખ ૧-૧-૨૦૦૬ થી યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રમોશન અટકાવવામાં આવ્યા હતા જે પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે. જેથી ૩ હજાર અધ્યાપકોને કેરિયર એડવાન્સ સ્કીમનો લાભ મળશે. આ ઉપરાંત સીએએસની પરીક્ષા અને હીંદીની પરીક્ષાના નિર્ણયને દૂર કરવામાં આવ્યો છે. જેનો લાભ નિવૃત તથા હયાત અધ્યાપકોને લાભ થશે.

શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું છે કે રાજ્યની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીઓ કાર્યરત અધ્યાપકોને પ્રમોશન માટે સીસીસી અને હિન્દી પરીક્ષામાંથી મુક્તિ આપવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં અંદાજે ૩૫૦૦થી વધુ અધ્યાપકોને લાભ થશે. તા. ૦૧-૦૧-૨૦૨૩ પછી જે અધ્યાપકો ઝછઝી હેઠળ પ્રમોશન મળવાપાત્ર હશે તેવા અધ્યાપકોએ સીસીસી પ્લસ તથા હિન્દી/ગુજરાતી પરીક્ષા પાસ કરવાની રહેશે.

શિક્ષણ મંત્રી વાઘાણી ઉમેર્યું કે, કોલેજોના અધ્યાપકોને તેમની સેવાઓ દરમિયાન પ્રમોશન માટે ઝઝઝ પ્લસ તથા હિન્દી/ગુજરાતી પરીક્ષા પાસ કરવી ફરજિયાત હતી. હવેથી આ પરીક્ષામાં મુક્તિ આપવાનો રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અધ્યાપકો માટે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણીએ ઉમેર્યું કે, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત રાજય મહાવિદ્યાલય શૈક્ષિક સંઘ, ગુજરાત રાજય અધ્યાપક મહામંડળ, ગુજરાત રાજય સરકારી અધ્યાપક મંડળ જેવા વિવિધ અધ્યાપક મંડળોની સતત રજુઆતોને ધ્યાનમાં લઈ ગુજરાત સરકાર ધ્વારા ગુજરાત રાજયના ઉચ્ચ શિક્ષણના અનેક પ્રશ્નો કે જેના લીધે થઈ અને ગુજરાત રાજયના નોકરીમાં કાર્યરત તથા નિવૃત્ત થયેલા પ્રાધ્યાપકોને આર્થિક તથા વ્યવસાયિક તકલીફો પડતી હતી તેનું નિરાકરણ માટે આ નિર્ણયો કરાયા છે.

શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણીએ ઉમેર્યુ કે,ગુજરાત રાજયના કોલેજ તથા યુનિવર્સિટીના પ્રાધ્યાપકોના પ્રમોશન તા.૦૧/૦૨/૨૦૧૯ ના રોજ જી.આર.ની કલમ ૮ થી રોકવામાં આવેલ હતા તે કલમ ૮ ૨દ કરી કેરિયર એડવાઈન્સમેન્ટ સ્કીમ હેઠળના પ્રમોશન પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયના કારણે લગભગ ૩૫૦૦ પ્રાધ્યાપકોને આર્થિક તથા વ્યવસાયિક તકલીફો દુર થશે તેમજ છેલ્લા ૬ વર્ષથી અટકેલા પ્રમોશનો તાત્કાલિક મળશે.

શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણીએ ઉમેર્યુ કે, ગુજરાત રાજયના વિવિધ કોલેજ અને યુનિવર્સિટીના પ્રાધ્યાપકોને કેરિયર એડવાઈન્સમેન્ટ સ્કીમ દ્વારા મળતા પ્રમોશનો તથા સાતમા પગાર પંચના લાભો મેળવવા માટે સી.સી.સી. તેમજ હિન્દી/ગુજરાતીની પરીક્ષા પાસ કરવાનું વર્ષ-૨૦૧૯ ના સાતમા પગાર પંચના જી.આર. ધ્વારા ફરજિયાત કરવામાં આવેલ હતું. જેનો અમલ વર્ષ-૨૦૦૬ થી લાગુ કરવામાં આવેલ આના કારણે થઈ અને નોકરીમાં કાર્યરત, નિવૃત્ત થયેલા તેમજ કેટલાક મૃતક પ્રાધ્યાપકોને પગાર તથા પેન્શનના આર્થિક લાભો અટકયા હતા. આવા લગભગ ૭,૦૦૦ પ્રાધ્યાપકોના કુટુંબોને આર્થિક તકલીફોમાંથી ઉગારતો આ નિર્ણય જે મુજબ પ્રાધ્યાપકોએ સાતમા પગાર પંચના લાભો મેળવવા તથા તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી કેરીયર એડવાન્સમેન્ટના પ્રમોશન મેળવવા માટે સી.સી.સી. તથા હિન્દી/ગુજરાતીની પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવામાં આવી અને જે પ્રાધ્યાપકોને તા.૧/૧/૨૦૨૩ કે ત્યારબાદ કેરિયર એડવાન્સમેન્ટના પ્રમોશન મેળવવાના થશે તેઓને જ સી.સી.સી તથા હિન્દી /ગુજરાતીની પરીક્ષા આપવાની રહેશે.

# તકેદારી છતાં કેટલાક રાજ્યોમાં કેસ વધ્યા : વડાપ્રધાન



નવીદિલ્હી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે, છેલ્લા બે અઠવાડિયામાં કેટલાક રાજ્યોમાં કોવિડ -૧૯ ચેપના કેસ જે રીતે વધ્યા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કોરોનાનો પડકાર હજુ સંપૂર્ણ રીતે ટળ્યો નથી, તેથી દેશવાસીઓએ સાવધાન રહેવાની જરૂર છે. વડા પ્રધાને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય પ્રધાનો, લેફ્ટનન્ટ ગવર્નરો અને પ્રશાસકો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા કોરોના રોગચાળાની નવીનતમ સ્થિતિની સમીક્ષા કર્યા પછી તેમના સંબોધનમાં આ વાત કહી. તેમણે કહ્યું, ‘છેલ્લા બે અઠવાડિયામાં જે રીતે કેટલાક રાજ્યોમાં કેસ વધ્યા છે, તે સ્પષ્ટ છે કે કોરોનાનો પડકાર હજી સંપૂર્ણ રીતે સમાપ્ત થયો નથી. ઓમિક્રોન અને તેના તમામ પ્રકારો કેવી રીતે ગંભીર પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે, તે આપણે યુરોપના દેશોમાં જોઈ શકીએ છીએ.’

વડાપ્રધાને કહ્યું કે, છેલ્લા કેટલાક મહિનામાં કેટલાક દેશોમાં કોરોનાના અલગ-અલગ સ્વરૂપોને કારણે કેટલીક લહેરો જોવા મળી રહી છે, પરંતુ ભારતે ઘણા દેશોની સરખામણીએ સ્થિતિને ઘણી સારી રીતે નિયંત્રિત કરી છે. તેમણે કહ્યું, ‘આ બધું હોવા છતાં, જે રીતે છેલ્લા બે અઠવાડિયાથી કેટલાક રાજ્યોમાં કેસ વધી રહ્યા છે, આપણે સાવચેત રહેવું પડશે.’ વડા પ્રધાને કહ્યું કે રસીકરણે કોરોના સામેની લડાઈમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોવિડ-૧૯ના ૨,૯૨૭ નવા કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૩૦,૬૫,૪૯૬ થઈ ગઈ છે.

### દે.બારીયા તાલુકા ની કેટલીક

# આંગણવાડી કેન્દ્રો બંધ હાલતમાં રહેતાં નાના ભૂલકાઓ પોષણયુક્ત આહાર થી વંચિત

- કેટલીક આંગણવાડી સમયસર ના ખુલતા બાળકો પોષણયુક્ત આહાર થી વંચિત.
- સરકારની અનેક યોજનાઓ ઘોળીને પી જતા આંગણવાડી કાર્યકર.
- સ્થાનિક બાળ વિકાસ અધિકારી આ બાબતે અજાણ છે કે પછી આંખ આડા કાન.

દે.બારીયા, દેવગઢ બારીયા તાલુકામાં આવેલ અનેક આંગણવાડી અનિયમિત ખૂલતાં બાળકોને પોષણયુક્ત આહાર થી વંચિત, કેટલીક આંગણવાડીઓ બંધ હાલતમાં, સરકારની અનેક યોજનાઓ ઘોળીને પી જતી આંગણવાડી કાર્યકર આ બાબતે તપાસ હાથ ધરવામાં આવે તેમ

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીયા તાલુકામાં કુલ ત્રણસો નેવુ જેટલા આંગણવાડી કેન્દ્રો આવેલા છે. ત્યારે હાલમાં સરકાર દ્વારા કુપોષિત બાળકોને પોષણ મળી રહે તે માટે અનેક યોજનાઓ ખુલ્લી મૂકી બાળકોને પુરતું પોષણ મળી રહે તે માટેના યોગ્ય પગલા પગલા લેવાઈ રહ્યા છે. ત્યારે સાથેસાથે સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ માટે પણ આ આંગણવાડી કેન્દ્ર ઉપરથી સરકાર દ્વારા પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. ત્યારે હાલ તાલુકાની કુવા,ઝાબ,આંકલી, ભુતપગલા ગામની અનેક આંગણવાડી કેન્દ્ર બંધ હાલતમાં, તો ક્યાંક આંગણવાડી કેન્દ્ર સમયસરના ખોલવાના કારણે બાળકોને પુરતો પોષણ યુક્ત આહાર મળતો નથી. જ્યારે આંગણવાડી કેન્દ્ર ઉપર સવારે નવ વાગ્યા થી બપોર સુધી ખુલ્લી રાખી બપોરના મેનુ પ્રમાણે ભોજન આપવાનું હોય છે. ત્યારે હાલ આ આંગણવાડી કેન્દ્ર ઉપર બાળકોને સવારનો નાસ્તો કે પછી બપોરનું ભોજન પણ મળતું નથી. ત્યારે દરેક આંગણવાડી કેન્દ્રમાં ફળ ફળાદી આપવાનું હોય છે જે ફળ ફળ ફળાદી ખાલી કાગળ ઉપર અપાતું હોય તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે સરકાર દ્વારા હાલમાં ગરીબોને કુપોષણ થી મુક્તિ આપવા બાળકો તેમજ ધાત્રી માતાઓને વિવિધ સરકારી યોજનાઓ ખુલ્લી મુકવામાં આવી છે. ત્યારે આ યોજનાઓ તાલુકા ના ગરીબ બાળકો અને સગર્ભા અને ધાત્રી માતાઓ સુધી પહોંચશે કે પછી ખાલી કાગળ ઉપર રહેશે તે આવનાર સમયમાં જોવાનું રહ્યું ત્યારે હાલમાં તાલુકામાં અનેક આંગણવાડી કેન્દ્રો બંધ હાલતમાં છે. જેનો પોષણ ચુક્ત આહાર ક્યા પગ કરી જાય છે અને આ બંધ રહેલી આંગણવાડી કેન્દ્ર રાબેતા મુજબ થશે કે કેમ તે જોવાનું રહ્યું.

### ૭મી, મેના રોજ સરકારી ITI દાહોદ ખાતે ઉમેદવારો માટે

# જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનાર યોજાશે

દાહોદ, જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દાહોદ દ્વારા સવારે તારીખઃ૦૭/૦૫/૧૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે ઉમેદવારો માટે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનારનું આયોજન ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) દાહોદ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન, માર્ગદર્શન, તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગારલક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

તેમજ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે એસ.એસસી, એચ.એસ.સી, ડીપ્લોમાં આઈ.ટી.આઈ, ગ્રેજયુએટ લાયકાત ધરાવતા ઉમેદવારોને ૧૮ થી ૩૫ વર્ષ વયમર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક પુરી પાડવામાં આવશે. આ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં દાહોદ,પંચમહાલ, અમદાવાદ, વડોદરા જિલ્લાના નોકરીદાતા દ્વારા સુઈગ ઓપરેટર, ટ્રેની રિસેપ્સનિષ્ટ, ટેલીકોલર, કોમ્પ્યુટર ઓપરેટર, મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, હેલ્પર, ટીમ મેમ્બર, ફાઈનાન્સ પ્લાનર, સેલ્સ એક્ઝીક્યુટીવ વગેરે ટેકનીકલ અને નોનટેકનિકલની જગ્યા માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે. ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. અને પોર્ટલ પર ઉપર્યુક્ત ભરતી મેળામા ભાગ લેવા અને તેમાં ભાગ લેનાર કંપની એપ્લાય કરવા માટે નજીક ની સરકારી ITI તેમજ કોલેજ અને જીલ્લા રોજગાર કચેરી નો સંપર્ક કરી એપ્લાય કરવું વધુ માહિતી માટે રોજગારસેતુ હેલ્પલાઈન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક માહિતી મેળવી તે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર અધિકારી એ.એલ. ચૌહાણે જણાવેલ છે.

# લીમખેડામાં ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત બાયોગેસ પ્લાન્ટ વિશે તાલીમ કાર્યક્રમ યોજાયા



દાહોદ, સ્વચ્છ ભારત ગ્રામીણ (ગ્રામીણ) યોજના હેઠળ ગોબરધન પ્રોજેકટ અંતર્ગત બાયોગેસ પ્લાન્ટ વિશે સમજણ, માર્ગેદર્શન તેમજ લોક જાગ્રુતી સ્વચ્છતા બાબતે જાગ્રૂતતા માટેનો એક દિવસીય તાલીમ કાર્યક્રમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા લીમખેડા તાલુકાની કુન્લી, માન્લી અને અગારા (૩) ગ્રામ પંચાયત ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ગ્રામજનોને ગોબરધન પ્રોજેકટ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ લાભાર્થી પસંદગીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગ્રામજનો ઉત્સાહ સાથે તાલીમ કાર્યક્રમમા જોડાયા હતા. તાલીમ વિવેક પ્રજાપતિ, જિલ્લા કો.ઑર્ડિનેટર તેમજ બી.સી.મન્ના, સદગુરૂ ફાઉન્ડેશન દ્વારા અપાઇ હતી. તેમજ અન્ય કર્મયોગીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીઆના આંકલી ગામે પાણીની પાઈપ લાઈન નાખવાની કામગીરી દરમિયાન મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો વેડફાટ



દાહોદ, દેવગઢ બારીઆ તાલુકાના આંકલી ગામે નળ સે જળ યોજના અંતર્ગત પાણીની પાઈપ લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે પાણી પુરવઠાની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાળ સર્જાતાં હજારો ક્યુસર પાણીનો બેડફાટ થયો હતો.

દેવગઢ બારીઆ તાલુકાના આંકલી ગામના ટેકરી ફળિયામાં જ્યારે પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતાં હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતો જોઈ આસપાસના લોકોને આ પાણીનો વેડફાટ રોકવા માટે ક્યાં અધિકારી કે ક્યાં તંત્રનો સંપર્ક કરવો તેની કોઈ જાણકારી ન હોવાને પગલે પાણીનો સતત વેડફાટ થતો રહ્યાં હતો. નળ સે જળ યોજનાના અધિકારીઓ અને કામદારો અને એજન્સી કર્તાઓ કામકાજ કરી રવાના થઈ ગયાં હતાં. અવાર નવાર દેવગઢ બારીઆ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવી પાણીની પાઈપ લાઈનોમાં ભંગાણ સર્જાતું આવ્યું છે. જાણવા મળ્યાં અનુસાર, પાણીની પાઈપલાઈનમાં ત્યાર સુધી પાણી લીકેજ થતું રહ્યું જ્યાર સુધી આગળથી પાણી ખાલી ન થયું અને જ્યારે પાણી પુરૂ થયું ત્યારે પાણી લીકેજ થતું બંધ થયું હતું. આ ઘટનાને પગલે ન તો કોઈ અધિકારી સ્થળ પર ફરક્યું અને તો કોઈ જવાબદાર તંત્ર સ્થળ પર આવ્યું. કોઈપણ સ્થળની મુલાકાત ન લઈ ભંગાણ પાણીની પાઈપ લાઈનનું સમારકામ હાથ ધર્યું ન હતું. જેને પગલે ગ્રામજનોમાં પણ આશ્ચર્ય સર્જાયું હતું.

# આહાર ટ્રસ્ટ દ્વારા તાલુકાના અંતરિયાળ ગામ દિવ્યાના આંગણવાડી કેન્દ્ર અને પ્રાથમિક શાળાના બાળકોને જીવનજરૂરી કીટની વહેંચણી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા, તારીખ-૨૭-૪-૨૨ ના રોજ આહાર ટ્રસ્ટ તરફથી દેવગઢ બારીયા તાલુકાના સો ટકા આદિવાસીઓનું અંતરિયાળ ગામ દિવ્યાના આંગણવાડી કેન્દ્રના ૬૫ બાળકોને નાસ્તામાં સેવ અને બુંદીના પેકેટ તથા પ્રાથમિક શાળાના ૪૦ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ ને - ન્હાવા તથા કપડાં ધોવાના સાબુ-તેલ-શેમ્પુ-કોલગેટ-પાવડરની કીટ ઉપરાંત શરીર લૂછવાના ટુવાલ અને સેવ અને બુંદીના પેકેટ દાહોદ જિલ્લાના ભાજપાના મહિલા મંત્રી ગીતાબેન નિર્મલસિંહ ચૌહાણના વરદ હસ્તે વહેંચવામાં આવ્યા.

# RTE અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળામાં વિના મૂલ્યે પ્રવેશ (શૈક્ષણિક વર્ષઃ૨૦૨૨/૨૩)

દાહોદ, આર.ટી.ઈ.એક્ટ-૨૦૦૯ અન્વયે દાહોદ જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથના વાલીઓના બાળકોને વિના મૂલ્યે પ્રવેશ યોજના હેઠળ દાહોદ જિલ્લાની ૧૩૨ ખાનગી પ્રા.શાળાઓમાં ધો-૧ ના પ્રવેશના ૨૫% લેખે ૯૩૭ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવેલ હતી. જે ઓનલાઈન પ્રવેશ ફોર્મ તારીખઃ૩૦/૦૩/૨૦૨૨ થી ૧૧/૦૪/૨૦૨૨ સુધીમાં ઓનલાઈન https://rte.orpgujarat.com વેબસાઇટ પર ભરી જરૂરી પુરાવા ઓનલાઈન અપલોડ કરવાના હતા. તા.૧૭/૦૪/૨૦૨૨ થી ૧૯/૦૪/૨૦૨૨ સુધી કરેલ અરજીઓ પૈકી અમાન્ય થયેલ અરજીઓને પુર્તતા પૂર્ણ કરી પુનઃ તક આપવામાં આવેલ હતી. જે અન્વયે...

પ્રવેશ પાત્ર કુલ જગ્યાઓ :૯૩૭

પ્રવેશ માટે આવેલ કુલ અરજીઓ : ૧૮૮૯

પ્રથમ રાઉન્ડમાં ફાળવેલ કુલ પ્રવેશ : ૮૪૭

જે અન્વયે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગુ.રા.ગાંધીનગર દ્વારા તા.૨૬/૦૪/૨૦૨૨ ના રોજ પ્રથમ રાઉન્ડ પ્રવેશ ફાળવેલ બાળકોને જરૂરી ડોક્યુમેન્ટ સાથે તા.૦૫/૦૫/૨૦૨૨ ને ગુરૂવાર સુધીમાં પ્રવેશ મેળવી લેવાની કાર્યવાહી કરવાની રહેશે. જે અંતર્ગત જો કોઈ વિદ્યાર્થીનું તારીખ ૦૫/૦૫/૨૦૨૨ સુધીમાં પ્રવેશ નહીં મેળવે તો તે વિદ્યાર્થીની જગ્યા બીજા રાઉન્ડમાં અન્ય વિદ્યાર્થીને ફાળવી આપવામાં આવશે.

# દાહોદ કસ્બાના વિસ્તારમાં લઘુમતિ કોમના યુવકોએ પોતાના કોમના યુવક ઉપર ચપ્પુના ઘા ઝીંકતા ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરના કસ્બા વિસ્તાર ખાતે લઘુમતિ કોમના બે યુવકોએ પોતાનાજ કોમના એક યુવકને અગમ્ય કારણોસર ચપ્પુના ઘા મારતાં ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામ્યો હતો.

દાહોદ શહેરના કસ્બા વિસ્તાર ખાતે રહેતાં ફિઝાન પઠાણ આજરોજ સવારના સમયે પોતાની બહેનના કપડા લેવા માટે બજારમાં જતાં હતા તે સમયે પોતાના વિસ્તારમાં રહેતો જાવેદ નામક યુવક તથા તેની સાથે અન્ય એક યુવક મળી બે યુવકો ફિઝાનભાઈ પાસે આવ્યાં હતાં અને અગમ્યકારણોસર ફિઝાનભાઈના હાથના ભાગે ઉપરા છાપરી ચપ્પુના ઘા મારી ફિઝાનભાઈને લોહીલુહાણ કરી બંન્ને યુવકો નાસી ગયાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર બુમાબુમ થઈ જતાં લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને ઈજાગ્રસ્ત ફિઝાનભાઈને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી ફરાર યુવકોના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# ધાનપુરના આગાસવાણી ગામે પીકઅપ ગાડી બાઈક ચાલકે અડફેટમાં બાઈક ચાલકનું મોત

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આગાસવાણી ગામે એક પીકઅપ ફોર વ્હીલર ગાડીના ચાલકે એક મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લેતાં મોટરસાઈકલના ચાલકનું શરીરે ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યાંનું જાણવા મળે છે. ગત તા.૨૬મી એપ્રિલના રોજ અનિલકુમાર સરદારસિંહ ચૌહાણ (રહે. પીપોદરા, ચૌહાણ ફળિયુ, તા.ધાનપુર, જિ.દાહોદ)ના પોતાના કબજાની મોટરસાઈકલ લઈ આગાસવાણી ગામેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક પીકઅપ ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અનિલકુમારની મોટરસાઈકલને અડફેટમાં લેતાં અનીલકુમાર મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું. આ સંબંધે પીપોદરા ગામે ચૌહાણ ફળિયામાં રહેતાં સરદારભાઈ છગનભાઈ ચૌહાણે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૪ રાજ્યોમાં નક્સલવાદી હુમલો થવાની શક્યતા, કેન્દ્રીય ગુપ્તચર વિભાગનો દાવો

નવીદિલ્હી, કેન્દ્રીય ગુપ્તચર વિભાગે નક્સલી હુમલાને લઈને એલર્ટ જાહેર કર્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે આગામી બે સપ્તાહ દરમિયાન નક્સલવાદી સંગઠનો ૪ રાજ્યોમાં મોટો હુમલો કરી શકે છે. ઝારખંડ, બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ આ રાજ્યો માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઈન્ટેલિજન્સ સૂત્રોના જણાવ્યા અનુસાર નક્સલવાદી હુમલા સાથે સંબંધિત ઈનપુટ આ ચાર રાજ્યો સાથે શેર કરવામાં આવ્યા છે. મામલાની ગંભીરતાને જોતા ચારેય રાજ્યોના પોલીસ પ્રશાસને આગળની રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તાજેતરના દિવસોમાં રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળોએ નક્સલવાદીઓ વિરુદ્ધ મોટું ઓપરેશન ચલાવ્યું છે. જેના કારણે મોટી સંખ્યામાં નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. સામૂહિક ધરપકડ પણ કરવામાં આવી છે. એટલા માટે નક્સલવાદીઓમાં ગુસ્સો છે અને તેઓ કોઈ મોટા હુમલાની તૈયારીમાં છે. ૨૦૧૩ની સરખામણીમાં ૨૦૨૦માં દેશમાં નક્સલવાદી હિંસાની ઘટનાઓમાં ૪૧ ટકા અને મૃત્યુમાં ૫૪ ટકાનો ઘટાડો થયો છે. આવી ઘટનાઓ ઘણી હદ સુધી મર્યાદિત છે અને માઓવાદી હિંસાના ૮૮ ટકા બનાવો માત્ર ૩૦ જિલ્લાઓમાં નોંધાયા છે. બે દિવસ પહેલા છત્તીસગઢના બસ્તર વિસ્તારમાં સુરક્ષા દળોએ પાંચ નક્સલીઓની ધરપકડ કરી હતી. બસ્તર ક્ષેત્રના પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા દળોએ સુકમા જિલ્લામાં ચાર નક્સલી અને બીજાપુર જિલ્લામાં એક નક્સલીની ધરપકડ કરી છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સુકમા જિલ્લાના ટોંગપાલ પોલીસ સ્ટેશનથી રવિવારે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ અને ડિસ્ટ્રિક્ટ ફોર્સની સંયુક્ત ટીમને બંગપાલ મોરે અને ખીરામ ખીણ તરફ મોકલવામાં આવી હતી. બિહાર પોલીસે દાવો કર્યો છે કે સશસ્ત્ર માઓવાદીઓની સંખ્યામાં ઘટાડો થયો છે કારણ કે સુરક્ષા દળોની સતત કાર્યવાહીને કારણે નક્સલવાદીઓને શસ્ત્રોનો સપ્લાય બંધ થઈ ગયો છે. નવાદામાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કેન્દ્રીય દળો દ્વારા તાજેતરમાં નક્સલવાદીઓ માટે શસ્ત્રોનો મુખ્ય સ્ત્રોત એવી ગેરકાયદેસર હથિયાર ફેક્ટરીનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. તાજેતરના ભૂતકાળમાં જીલ્લ દ્વારા આવા અન્ય ઓપરેશનોએ સશસ્ત્ર નક્સલવાદીઓની સંખ્યા ૮૦ થી વધી જવા દીધી નથી.

# ધાનપુરના માંડવ ગામે મહિલાને ડાકણના વ્હેમમાં બે વ્યકિતઓએ માર મારતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના માંડવ ગામે એક મહિલા ઉપર ડાકણ હોવાના ખોટા શક, વહેમ રાખી મહિલા સહિત બે વ્યકિતઓને ચાર ઈસમોએ ભેગા મળી લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા. ૨૩મી એપ્રિલના રોજ માંડવ ગામે ખેડા ફળિયામાં રહેતાં સુમલાભાઈ નરસુભાઈ તડવી, શનાભાઈ વેસ્તાભાઈ તડવી, અનિલભાઈ ખુમસીંગભાઈ તડવી અને કાજીભાઈ દલાભાઈ તડવીનાઓએ પોતાના ગામમાં રહેતાં નંદાબેન બળવંતભાઈ તડવીના ઘરે આવી, ડાકણ હોવાના ખોટા શક, વહેમ રાખી બેફામ ગાળો બોલવા લાગ્યાં હતાં અને ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ નંદાબેન અને અમીતભાઈને લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત નંદાબેન બળવંતભાઈ તડવીએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીમાં નલ સે જલ યોજના અંતર્ગત આડેધડ ખોદકામ કરાતા અનેક જુના નળ કનેકશનો અને ટેલિફોન લાઈનો કપાઈ

સંજેલી, સંજેલી પંચાયત વિસ્તારમાં હાલ નલ સે જલ યોજના અંતર્ગત પાણીની લાઈનો આપવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે તેના કોન્ટ્રાકટર પીયુષભાઈ દ્વારા નગરમાં આડેધડ ખોદકામ કરી નાંખવામાં આવ્યુ છે અને જેના બાદ પુરાણ પણ બરાબર કરવામાં આવતુ થી. અને ખોદકામ કરવાના કારણે જુના નળ કનેકશનો કપાઈ ગયા છે. તથા ટેલિફોન લાઈનના વાયરો પણ કપાઈ જવા પામ્યા છે. નળની જુની લાઈનો કપાઈ જવાને કારણે સંજેલી નગરના ચારથી પાંચ વિસ્તારોમાં છેલ્લા ૨૫ દિવસ ઉપરાંતથી પાણી આવતુ નથી જેથી પ્રજાએ ભર ઉનાળામાં ટેન્કર દ્વારા પાણી વેચાતો લેવાનો વારો આવ્યો છે. પ્રજા દ્વારા નળ વેરો ભરવા છતાં પણ પાણી વેચાતુ લેવુ પડે છે જે મોટી સમસ્યા છે. નલ સે જલ યોજનાએ સરકારની યોજના હોવા છતાં કોઈપણ જાતના સરકારી અધિકારી દ્વારા આ કામ પર મોનીટરીંગ કરવામાં આવતુ નથી. સંજેલી ખાતે ચાલતા કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા મનસ્વી વહીવટ ચલાવવામાં આવે છે અને પાઈપો બરાબર દબાવી નથી જે રસ્તા પર બહાર પાઈપો ખુલ્લી દેખાય છે અને નળ પણ બરાબર ફીટ કરવામાં આવ્યા નથી જે સામે રોષ વ્યાપ્યો છે.

# ફરમાને નબવીનો નિચોડ

મિરકાત શરીફમાં છે : હઝરત સલમાન ફારસી ર.દી.અ.થી રિવાયત છે કે, નબીયે કરીમ સલલ્લાહો, અલય હે વસલ્લમ એ અમને શાબાનના અંતિમ દિવસે ખુત્બો આપ્યો જેમાં ફરમાવ્યું હે લોકો ? એક ઘણો જ મુબારક મહિનો તમારા પર સાયો કરનાર છે. એમા એક રાત એવા છે જે હજાર મહિનાઓથી બેહતર છે.

અલ્લાહ તઆલાએ એના રોઝાઓને ફરજ અને રાતમાં કયામ (તહજજુદ વગેરે)ને નફલ ઠરાવેલ છે. જે શખ્સ કોઈ નેકી કરીને અલ્લાહનો કુર્બ ચાહે તેને એટલા પ્રમાણમાં સવાબ થાય છે. જાણે તેને અન્ય મહિનામાં ફરજ અદા કર્યા. જેણે રમઝાનમાં ફર્જ અદા કર્યો તેનો સવાબ એટલા પ્રમાણમાં છે. જાણે તેણે રમઝાન સિવાય અન્ય મહિનાઓમાં ૭૦ ફર્જો અદા કર્યા. આ સબ્રનો મહિનો છે અને સબ્રનો સવાબ જન્નત છે. આ મહિનામાં મોમિનોનું રિઝક વધારી દેવામાં આવે છે. જે આ મહિનામાં કોઈ રોઝદારને ઈફતાર કરાવે તેના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. તેની ગરદન આગથી આઝાર કરી દેવામાં આવે છે અને તેને પણ એટલો જ (રોઝા જેટલો) સવાબ મળે છે. એનાથી રોઝદારના સવાબમાં કોઈ કમી નથી થતી અને આ સવાબ તેને પણ મળશે જે એક ખજૂર કે ઘુટડો પાણી કે દુધ પીવડાવી દે. જેણે કોઈ રોઝદારને ઈફતારી વખતે પાણી પીવડાવ્યું તેને અલ્લાહ તઆલા કયામતના દિવસે મારા હૌઝે કૌષર થી પાણી પીવડાવશે. જેના પછી જન્નતમાં દાખલ થતા સુધી તેને તરસ નહી લાગે. આ એવો મહીનો છે. જેનો પ્રથમ દસ કો રહમ છે. બીજો દસકો બખ્સીશ છે અને ત્રીજો દસકો આગથી આઝાદી છે. (બરકાતે ખ્વાજા એપ્રિલ-૨૦૨૨ પાન-૫).

તા.૨૮/૦૪/૨૦૨૨ ગુરુવાર

વકતે શહેરી ૪-૩૮.

વકતે ઈફતાર - ૭.૦૫.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.208

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરા તાલુકાની ૮૨ ગ્રામ પંચાયતોમાં

# ૫૦ તલાટીના મહેકમ સામે માત્ર ૨૯ તલાટી કમ મંત્રી ફરજ બજાવે છે : એક તલાટી પાસે ત્રણ થી પાંચ સેજાની કામગીરી

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે મહેકમ મુજબ તલાટી નો સ્ટાફ નહી હોવાથી એક તલાટી કમ મંત્રી પાસે ત્રણ કે પાંચ ગ્રામ પંચાયતનો ચાર્જ છે. જ્યારે ૮૨ ગ્રામ પંચાયતના મહેકમ મુજબ ૫૦ તલાટીના સ્ટાફની સામે ૨૯ તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતા હોવાથી પ્રજાજનો ને હાલાકી ભોગવવી પડી રહી છે. જિલ્લા પંચાયત કચેરી દ્વારા તાલુકાની ગ્રામ પંચાયતમાં તલાટીઓ ની ઘટ હોવા છતાં અમુક તલાટીની તાલુકા બહાર બદલી કરી દેતા જાગૃત ગ્રામજનોનો છૂપો રોષ પણ આ સામે જોવા મળી રહયો હતો.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકા વિકાસ અધિકારી તુલુસીભાઈ ઠક્કરને રેણા ગામના જાગૃત નાગરીક નટુભાઈ વણકર એ ગ્રામ પંચાયત ખાતે કાયમી તલાટી કમ મંત્રીની નિમણુંક કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. તે વેળાની તસ્વીર...

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ૮૨ જેટલી ગ્રામ પંચાયતમાં તલાટીના ૫૦ના મહેકમ સામે ૨૯ જેટલા તલાટી પોતાની ફરજ બજાવતા હોય છે. તલાટી કમ મંત્રીઓની ઘટ હોવાથી અન્ય ગ્રામ પંચાયતોના ભાર તલાટી કમ મંત્રીઓના હવાલે હોવાથી દોડધામ કરવાનો વારો તલાટીઓને આવતો હોય છે. જેમાં એક તલાટીને ૩ થી ૫ ગ્રામ પંચાયતનો ચાર્જ સોંપવામાં આવતા સરકારી વિકાસલક્ષી કામો પર પણ અસર પડી રહી જોવા મળી રહી છે. ગામડાઓના લોકોને સામાન્ય આવકના દાખલા, જાતિના દાખલા, રેશનકાર્ડ, પછાતવર્ગના ફોર્મ જેવા અનેક દસ્તાવેજો તેમજ અન્ય કાગળો ઉપર તલાટીના સહી-સિક્કા કરાવવા માટે ગ્રામજનો પંચાયત ખાતે જતા હોય પણ ત્યાં તલાટી નહી હોવાથી તલાટી ને ફોન કરતા અમુક તલાટી ફોન નહી ઉપાડતા હોવાથી અરજદાર ને ધક્કો ખાવા સાથે સમય પણ વેડફાઈ જતો હોય છે. છાશવારે તલાટીઓના ચાર્જ બદલવામાં આવતા ગ્રામ પંચાયતમાં તલાટી કોન છે. તે પણ સ્થાનિક ગ્રામજનો ને ખબર હોતી નથી. તાલુકામા તલાટીઓની અછતના કારણે ગણતરીના તલાટીઓથી ગ્રામ પંચાયતોનો વહીવટ ચાલતો હોવા સાથે અમુક તલાટીને એક ગ્રામ પંચાયતનો ચાર્જ હોય જ્યારે બીજા તલાટીઓને ત્રણ કે પાંચ ગ્રામ પંચાયતનો ચાર્જ તાલુકા પંચાયત કચેરી ખાતેથી સોંપી દેવામાં આવે છે. તાલુકા પંચાયત કચેરીમાં મહેકમ મુજબ તલાટીનો સ્ટાફ નહી હોવા છતાં જિલ્લા પંચાયત કચેરી દ્વારા તાલુકાની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીની અન્ય તાલુકા મા બદલી કરી દેતા એક તરફ તલાટીનો સ્ટાફ ઓછો થતો જતો હોય જ્યારે બીજી તરફ પ્રજાજનોને આના કારણે ભારે તકલીફ નો સામનો કરવો પડતો હોય છે. ગ્રામ પંચાયત ખાતે તલાટી કમ મંત્રી ક્યારે હાજર રહેશે અને તેમનો મોબાઈલ નંબર લખવામાં આવે તો સ્થાનિક ગ્રામજનો ને પણ ખબર પડી શકે કે આ દિવસે તલાટી આવશે જેથી ધક્કો ખાવો પડે નહી અને સમય પણ બચી શકે તેમ છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લેવામાં આવશે કે નહી તે તો સમય આવે ખબર પડી જશે તો નવાઈ નહી.

> શહેરા તાલુકાના ગ્રામિણ વિસ્તારમા ૨૯જેટલા તલાટીઓ થી ૮૨ ગ્રામ પંચાયતનો વહીવટ ચાલી રહ્યો છે. તાલુકા પંચાયતમાં તલાટીના મહેકમ મુજબ સ્ટાફ નહીં હોવા છતાં જિલ્લા પંચાયત કચેરી દ્વારા તલાટીની બદલી કરી દેવામાં આવતી હોય જેના કારણે પ્રજાજનોને વધુ એક તકલીફનો સામનો કરવો પડતો છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાલુકા પંચાયત કચેરી ખાતે મહેકમ મુજબ તલાટી કમ મંત્રીનો સ્ટાફ ફાળવવામાં આવે તેવી આશા પ્રજાજનો રાખી રહ્યા છે.

# શહેરા પોલીસ દ્વારા જેલમાં રખાયેલ મહિલા અને પુરૂષ આરોપીની તબિયત લથડતા સારવાર હેઠળ ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા





તસ્વીર : તુષાર દરજી, શહેરા

## આરોપીને પીવા માટે પાણી નહી અપાતા તબિયત લથડી હોવાનો પરિવારજનોનો આક્ષેપ

શહેરા,

શહેરા પોલીસ મથક ખાતે બે અલગ અલગ ગુનાના મહિલા અને પુરુષ આરોપીની અચાનક તબિયત લથડતાં સારવાર અર્થે રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યારે આરોપી ધુળાભાઈ ચૌહાણને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ગોધરા ખસેડવામાં આવ્યા છે. પોલીસ સામે પુરૂષ આરોપીના પરીવારજનો દ્વારા ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

શહેરા પોલીસ મથક ખાતે અલગ અલગ ગુનાના આરોપીને પોલીસ પકડી લાવીને જેલની અંદર રાખતા હોય છે. ત્યારે બુધવારના ચાર વાગ્યાની આસપાસ જેલની અંદર રહેલ આરોપી ધુળાભાઈ ચૌહાણની અચાનક તબિયત લથડતા પોલીસ દ્વારા આરોપીને સારવાર અર્થે રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવતા ડોક્ટર દ્વારા આરોપી ધુળાભાઈને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા ગોધરા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યારે હોસ્પિટલ ખાતે આરોપીના પરીવારજનોનો ભારે આક્રોશ જોવા મળી રહયો હતો. હત્યાના ગુનાની આરોપી મહિલા મનીષા હરિજનને પણ પોલીસ મથક ખાતે ચક્કર આવતા પોલીસના વાહનમાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. પોલીસ મથક ખાતે અલગ-અલગ ગુનામાં પકડાયેલા બે આરોપીની તબિયત અચાનક લથડતા પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત સહિત અન્ય સ્ટાફ પણ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. જે રીતે આરોપી ધુળાભાઈ ચૌહાણના પરીવારજનો દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, જેલની અંદર પીવા માટે પાણી આપવામાં નહીં આવવા સાથે દુર્ગંધ બહુ મારતુ હોય અને સ્વચ્છ હોતું નથી. જિલ્લા પોલીસ વડા દ્વારા પોલીસ મથકની ઓચિંતી મુલાકાત લેવામાં આવે જેથી ખરી હકીકત તેઓ જાણી શકે તેમ છે.

# પંચમહાલ જીલ્લાની ૧૨૭ ખાનગી પ્રા.શાળામાં RTE એક્ટ હેઠળ ૧૩૨૨ પ્રવેશ માટે મંજુર કરાઈ

## પ્રથમ રાઉન્ડમાં ૮૪૪ અરજીના એડમીશન જાહેર કરાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં આર.ટી.ઈ. એક્ટ ૨૦૦૯ અંતર્ગત જીલ્લાની ૧૨૭ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો.૧ પ્રવેશ માટે અરજી મંગાવવામાં આવી હતી. તેમાં ૨૨૧૩ અરજીઓ આવી હતી. તે પૈકી ૧૩૨૨ અરજી પ્રવેશ માટે એપ્રુવડ કરવામાં આવી જ્યારે ૮૧૫ અરજીઓ અનએપ્રુવડ કરવામાં આવી.

આર.ટી.ઈ.એક્ટ ૨૦૦૯ અન્વયે પંચમહાલ જીલ્લાની ૧૨૭ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો.૧માં પ્રવેશ ૨૫ ટકા લેખે પ્રવેશ આપવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. તેમાં જીલ્લાની ૧૨૭ પ્રાથમિક શાળાઓ માટે ૨૨૧૩ પ્રવેશ માટે આવેલ હતી. તેમાંથી ૧૩૨૨ અરજીઓને પ્રવેશ માટે મંજુર કરવામાં આવ્યા. જ્યારે ૮૧૫ અરજીઓ નામંજુર કરાઈ છે. આર.ટી.ઈ. એક્ટ ૨૦૦૯ અંતર્ગત મંજુર થયેલ અરજીઓ પૈકી પ્રથમ રાઉન્ડમાં ૮૪૪ પ્રવેશ આપવામાં આવ્યા છે. અને ૫/૫/૨૦૨૨ સુધી પ્રવેશ પ્રક્રિયા પુરી કરવાની રહેશે. જ્યારે અન્ય મંજુર થયેલ અરજીઓ બીજા અને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ માટેની જાહેરાત કરવામાં આવશે.

> **ફોર્મ રીજેકટ થવાના મુખ્ય કારણો**
>
> પંચમહાલ જીલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ ૨૦૦૯ ધો.૧માં પ્રવેશ માટે મંગાવવામાં આવેલ અરજીઓ પૈકી ૮૧૫ અરજીઓ નામંજુર કરાઈ છે. ધો.૧ના પ્રવેશ માટે જે અરજીઓ નામંજુર કરાઈ છે. તેના કારણોમાં ઓનલાઈન ફોર્મ ભરતી વખતે લોકેશન સેટ કરવામાં ખોટા લોકેશન સેટ થતાં ફોર્મ નામંજુર થયાના પ્રશ્નો ઉદ્દભવી રહ્યા છે.

## મહેલોલ પુષ્ટિસંપ્રદાયના સ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૫ માં પ્રાગટ્ય મહોત્સવ યોજાયો



મહેલોલ,

મહેલોલમાં ઉત્સાહ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. સવારમાં શોભાયાત્રા સંપન્ન થયા બાદ વૈષ્ણવ મંદિરના પ્રાંગણમાં ગરબા કર્યા પછી પલના અને ઠાકોરજીના તિલક તથા ફૂલ મંડળીના દર્શનનો લહાવો વૈષ્ણવ સંપ્રદાયજનોએ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. રાજભોગ દર્શન પછી વૈષ્ણવજનોએ મહાપ્રસાદ લીધો હતો. શોભાયાત્રા દીપકભાઈ નગીનદાસ શાહના ઘેરથી મંદિર સુધી યોજાઈ હતી. મંદિરમાં શોભનાબેન રાજેન્દ્રકુમાર શાહ, હૈદરાબાદ દ્વારા સાજ વગેરે પધરાવ્યા હતા અને બંને પરિવારો દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેલોલ વણિક પંચ દ્વારા મનોરથી પરિવારોને મુખીયાજી દ્વારા મંદિરમાં ઉપરણા ઓઢાડવામાં આવ્યા હતા.

## પંચમહાલ જિલ્લાના ખેડૂતોને બિયારણ રજીસ્ટ્રેશન પ્રથામાં થયેલ સુધારાની જાણ થવા અંગે

ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા જુની રજિસ્ટ્રેશન પ્રથાના સ્થાને ઝડપી, સરળ અને પારદર્શકતા આવે તે હેતુસર ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા વિકસાવવામાં આવી રહેલ છે. જેમાં કંપની પાસેથી પાકની જાતના ગુણધર્મ તેના ઉત્પાદન સંબંધી આંકડાકીય વિગતો, રોગ જીવાત સંબંધી વિગતો તેમજ કંપની પાસેની સંશોધન અંગેની સુવિધાઓ સંબંધી વિગતો મેળવવામાં આવનાર છે. આ પદ્ધતિથી નવીન જાતોની નોંધણી ઝડપી બનશે અને નવી જાતો ઝડપથી ખેડુતોને ઉપલબ્ધ થશે.

જો કોઈ ખેડૂતને બિયારણ વાવ્યા બાદ ઉભા પાક સંબંધી કોઈ ફરિયાદ હોય તો તેના માટે પણ રાજ્ય સરકાર દ્વારા ફરિયાદ નિવારણ માટે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ/કૃષિ વૈજ્ઞાનિકોની સમિતિઓની પણ રચના કરવામાં આવેલી છે.

રાજ્યમાં વેચાતી બીટી કપાસની સંશોધિત જાતોના ગુણવત્તા નિયંત્રણ તંત્ર દ્વારા નમૂના લેવામાં આવે છે અને તેની ચકાસણી ગાંધીનગર ખાતેની બીજ ચકાસણી પ્રયોગશાળામાં કરવામાં આવે છે. આ ઉપરાંત બીટી બિયારણ વેચતી કંપનીઓ દ્વારા પણ પોતાની જાતોના નમુના નિયત ફી ભરી ચકાસવા ગાંધીનગર ખાતેની બીજ ચકાસણી પ્રયોગશાળામાં આપવામાં આવે છે, તેથી બીટી કપાસની ચકાસણી થતી નથી તે વાત તદન વાહીયાત અને ઉપજાવી કાઢેલ છે.

રાજયના ખેડુતોને ગુણવત્તા યુક્ત બિયારણ ઉપલબ્ધ કરાવવા માટે વાર્ષિક સરેરાશ ૬ હજારથી વધુ બિયારણના નમુના તેમજ જનીનીક શુધ્ધતા ચકાસવા માટે પણ બિયારણના નમુના લેવામાં આવે છે. ચકાસણીમાં બિન પ્રમાણિત થનાર જાતો સામે બિયારણ અધિનિયમ ૧૯૬૬ અને બિયારણ કંટ્રોલ ઓર્ડર ૧૯૮૩ હેઠળ કાયદેસરના પગલાં પણ લેવામાં આવે છે. તેમ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)ની કચેરી ગોધરા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સિંચાઈ વિભાગ અને સરદાર સરોવર નિગમ ના.કા.ઈ.નર્મદા નહેર પેટા વિભાગ કાલોલમાં રોજમદાર વાયરમેન-શ્રમયોગીને જુની પેન્શન યોજના સાતમા પગાર પંચના લાભ આપવા હાઈકોર્ટનો આદેશ

ગોધરા,

ગુજરાત સરકારના નેજા હેઠળ ચાલતી સિંચાઇ વિભાગ તેમજ સરદાર સરોવર નિગમના તાબા હેઠળની નાયબ કાર્યપાલક ઈજનેર નર્મદા નહેર પેટા વિભાગ નંબર ૧૭/૪ કાલોલની કચેરીમાં રોજમદાર વાયરમેન તરીકે ફરજ બજાવતા શ્રમયોગી પી.એસ.બારીયાને જૂની પેન્શન યોજનાનો લાભ તથા છઠ્ઠા અને સાતમા પગાર પંચ મુજબના તમામ લાભો ચૂકવવા નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ

સરદાર સરોવર નિગમના તાબા હેઠળ કાલોલ જીલ્લો પંચમહાલ માં આવેલ નર્મદા નહેર પેટા વિભાગ ૧૭/૪ માં રોજમદાર વાયરમેન તરીકે તારીખ ૨૪/૧૧/૮૮ ફરજ બજાવતા પ્રકાશ એસ બારીયા ને સંસ્થાએ સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભોથી વંચિત રાખતા તેઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ એસ ભોઈ દ્વારા ગુજરાત સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ ના લાભો મેળવવા માટે મજુર અદાલત ગોધરા ખાતે ડિમાન્ડ અરજી દાખલ કરેલ જે અરજી પડતર હોવાના દરમિયાન અરજદારને વ્યાજબી કારણો સિવાય કોટી પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય તારીખ ૧/૧/૦૭થી તેમની લાંબા સમયની નોકરીમાંથી છૂટા કરી દીધા તે સમયે ડિમાન્ડ કેસ અદાલત સમક્ષ પડતર હોય ત્યારે કામદારની નોકરીમાંથી છૂટા કરતા સમય અદાલત સમક્ષ એપ્રૂલ અરજી દાખલ કરી કોર્ટની પૂર્વ મંજૂરી મેળવવાની હોય છે પરંતુ સંસ્થાએ અદાલતની મંજૂરી મેળવ્યા નોકરીમાંથી છૂટા કરી દીધી છે તે બાબતે અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ નંબર ૨૭૫૬/૦૮ દાખલ કરેલ જે અરજી ચાલી જતા હાઈકોર્ટ દ્વારા અરજદારને તાત્કાલિક અસરથી ફરજ ઉપર રાખવાનો અને મકાન અને માર્ગ વિભાગના સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ પરિપત્ર મુજબના તમામ લાભો આપવા આદેશ પણ કરેલ જે આદેશ અન્વયે સંસ્થાએ પ્રકાશ બારીયા ને તેમની મૂળ જગ્યાએ એટલે કે રોજમદાર વાયરમેન તરીકે ફરજ માં હાજર કરેલ પરંતુ હાજર કર્યા બાદ હાઈકોર્ટના આદેશનું પૂરેપૂરૂં પાલન કરવામાં નિષ્ફળતા દાખવેલ જેને લઈ કામદારે ફેડરેશન દ્વારા હાઈકોર્ટના એડવોકેટ દીપક આર દવે મારફતે પાંચમા અને છઠ્ઠા પગાર પંચનો પૂરેપૂરો લાભ તફાવત તથા જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા એસી એ નંબર ૧૭૪૮૫/૨૧ દાખલ કરે અરજીમાં પડેલ પુરાવાના આધારે નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવ સાહેબે તારીખ ૨૪/૪/૨૨ ના રોજ અરજદારને જૂની પેન્શન યોજનાનો(GPF) લાભ આપવો તથા છઠ્ઠા અને સાતમા પગારપંચ મુજબના પગાર ચૂકવવા તથા તેના તફાવતની રકમ ૧૦ અઠવાડિયામાં ચૂકવી આપવાનો આખરી આદેશ થતા નર્મદા યોજનાના કામદારો તથા સહ કર્મચારીઓ અરજદારના પરિવારમાં આનંદ અને હર્ષ છવાયો.

# કાલોલ સરકારી ITI ખાતે ૫ મે ના રોજ જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાશે

ગોધરા,

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા પંચમહાલ દ્વારા તારીખ.૦૫/૦૫/૨૦૨૨ના રોજ પંચમહાલ જીલ્લાના ઉમેદવારો માટે અનુબંધમ પોર્ટલ (www.nubandham.gujarat.gov.in)અને એન.સી.એસ પોર્ટલ (www.ncs.gov.in) પર જોડાયેલ ઉમેદવારો માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) કાલોલ જી.પંચમહાલ ખાતે સવારે ૧૦:૩૦ કલાકે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરેલ છે. જેમાં ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન માર્ગદર્શન, તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગાર લક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે, તેમજ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે એસ.એસસી. એચ.એસ.સી, ડીપ્લોમા, આઈ.ટી.આઈ, ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ઉમેદવારોને ૧૮ થી ૩૫ વર્ષ વય મર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્ર મા રોજગારીની તક પૂરી પાડવામાં આવશે. આ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં પંચમહાલ, અમદાવાદ, વડોદરા જિલ્લાના નોકરીદાતા દ્વારા સુઈંગ ઓપરેટર, ટ્રેની, રીસેપ્શન, ટેલીકોલર, કોમ્પ્યુટર ઓપરેટર, મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, હેલ્પર, ટીમ મેમ્બર, ફાઈનાન્સ પ્લાનર, સેલ્સ એકઝીક્યુટીવ ટેકનીકલ/ નોન ટેકનીકલ જગ્યા માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે. ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની ઓનલાઈન સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે તેમજ અનુબંધમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવા પ્રોફાઈલ અપડેટ કરવા (આધાર કાર્ડ અને એજ્યુકેશન અપડેટ કરવા ) તેમજ ઉપલબ્ધ જગ્યા સામે એપ્લાય કરવા તેમજ ભરતી મેળામાં જોડવા માટે નજીકની સરકારી આઈ.ટી.આઈ. ,સરકારી કોલેજ તેમજ જીલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવા તેમજ રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦ નો સંપર્ક કરવા અને ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં કોરોના ગાઈડલાઈનના પાલન સાથે તમામને ભાગ લેવા રોજગાર અધિકારી એ.એલ ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ઘોઘંબાના દામાવાવ ચોકડી પાસેથી સ્વીફ્ટ કાર માંથી ૭૪ હજારનો ઈંગ્લીશ દારૂ સાથે ચાલક ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દામાવાવ ચોકડી પાસે દામાવાવ પોલીસ વાહન ચેકીંગમાં હોય દરમિયાન સ્વીફ્ટ ગાડીને શંકાસ્પદ હાલતમાં રોકીને ચેકીંગ કરતા ૭૪,૭૮૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂ, મોબાઈલ ફોન અને સ્વીફ્ટ કાર મળી ૨,૭૬,૮૮૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસ દામાવાવ ચોકડી પાસે વાહન ચેકીંગમાં હોય દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતી સ્વીટ કાર નંબર વગરને રોકી હતી અને કારનું ચેકીંગ કરતા ગાડી માંથી ભારતીય બનાવટના કલાસીક વ્હીસ્કી બોટલો નંગ-૧૨૦, ગોવા સ્પીરીટ વ્હિસ્કીની બોટલો નંગ-૪૮ મળી કુલ ૭૪,૮૮૦/-રૂપીયા મોબાઈલ ફોન ગાડી મળી કુલ ૨,૭૬,૮૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે દશરથ વજેસિંહ લુહારને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે અનિલભાઈ નામનો ઈસમ નાશી છુટીયો હતો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## મોરવા(હ)ના વંદેલી ગામેથી ૪૮ હજારના દારૂ સાથે એક ઇસમને ઝડપી પાડવામાં આવ્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના વંદેલી ગામે રહેણાંક ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે મોરવા(હ) પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ-૩૮૭ કિંમત ૪૮,૭૮૦/-ના મુદ્દામાલ સાથે બુટલેગરને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મોરવા(હ) તાલુકાના વંદેલી ગામે ચાંદરણી નદી ફળીયામાં રહેતા રાયસીંગભાઈ બળવંતભાઈ બારીયા ભેગા મળીને રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂ રાખીને ધંધો કરતા હોય તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન માઉન્સ ૬૦૦૦ સુપર સ્ટોંગ બીયર ટીન નંગ-૨૧૬, બેગ પાઈપર વ્હીસ્કી માર્કા નંગ૧૪૪, રોયલ બલ્યુ વ્હિસ્કી પ્લાસ્ટીક છુટા કવાટરીયા નંગ-૨૭ મળી નાની મોટી બોટલો નંગ-૩૭૮ કિંમત રૂા.૪૮,૭૮૦/-રૂપીયાના જથ્થા સાથે રાયસીંગભાઈ બારીયાને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.